**નયારા એનર્જીએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૪૫૦થી વધુ ખેડૂતોને સમર્થ બનાવવા હવામાન મથક સ્થાપ્યું**

**વાડીનાર, તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૦ :** આંતરરાષ્ટ્રીય સ્તરની નવા યુગની ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જી તેની વાડીનાર રિફાઈનરીની નજીકના સ્થાનિક લોકોના સ્થિર વિકાસ માટે પ્રતિબધ્ધ છે. તેમની આ પ્રતિબધ્ધતાના ભાગરૂપે નયારા એનર્જીએ  વડાલિયા સિંહણ ગામમાં હવામાન મથક સ્થાપિત કર્યું છે જેનાથી ૪૫૦થી વધુ ખેડૂતોને હવામાન અંગે સલાહ–સૂચન અંગેની સેવાઓ મળી શકશે.

આ ક્ષેત્રમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે જે ખેડૂતોને સમર્થ બનાવશે. ઓટોમેટિક વેધર સ્ટેશનથી ખેડૂતોને અનેકવિધ જાણકારીઓ મળશે જેમાં મથક દ્વારા પ્રાપ્ય થયેલા સચોટ હવામાનની આગાહીના લાઈવ ડેટા પ્રદાન કરાશે. વિવિધ જાતના પાક, સિંચાઈ, જંતુનાશકો, ખાતરોના પ્રકાર અંગે સમયસર સંવેદનશીલ નિર્ણય લઈ શકાય તેની માહિતી મળશે. ઓછા જોખમો સાથે કૃષિ કામગીરી અસરકારક કઈ રીતે બનાવી શકાય તેની યોજના અંગે મદદ મળી શકશે. વિશેષ કૃષિ સલાહથી નિશ્ચિત સ્થાન અંગે જાણકારી મેળવવાની તક પ્રાપ્ય થશે. આમ આ મથકની સુવિધાથી ખેડૂતો ખેતીની આવકમાં વધારો અને ખર્ચમાં બચત કરી શકશે.

આ પહેલના શુભારંભ અંગે ટિપ્પણી કરતાં નયારા એનર્જીના ડીરેકટર અને રિફાઈનરી હેડશ્રી પ્રસાદ પાનિકરે જણાવ્યું હતું કે, "નયારા એનર્જીમાં અમે અમારી વાડીનાર રિફાઈનરીની નજીકના લોકોને સમર્થ કરવા માટે અમે નિરંતર પ્રયાસો કરતા આવ્યા છીએ. આ વિસ્તારમાં વિવિધ સામાજિક–આર્થિક વિકાસ પહેલો ઉપરાંત અમે ખેડૂત વર્ગને સમર્થ કરવા હવામાન મથક શરૂ કરવા માટે ગૌરવ અનુભવીએ છીએ. હવામાન મથક સિંચાઈ પધ્ધતિને અનુકૂળ કરવા અને પ્રતિકૂળ પર્યાવરણીય પરિસ્થિતિઓમાં પાકની સુરક્ષા માટે વિશેષ રૂપથી મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે."

શ્રી પ્રસાદે ઉમેર્યું કે, "સ્થાનિક ખેડૂતો માટે અમારા પ્રયાસોમાં નવા યુગની તકનીક અને આબોહવા–સ્માર્ટ કૃષિ પધ્ધતિઓ રજૂ કરીને ખેડૂતોની આવક બમણી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે."

***

**નયારા એનર્જી વિશે :** નયારા એનર્જી એ નવા યુગની આંતરરાષ્ટ્રીય સ્તરની ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની છે અને રિફાઈનીંગથી લઈ રિટેઈલ સુધીની હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં સબળ હાજરી ધરાવે છે. ઓગસ્ટ ૨૦૧૭માં આ કંપની રોઝનેફ્ટ,  ગ્લોબલ કોમોડિટી ટ્રેડીંગ કંપની ટ્રાફીગુરા અને યુસીપી ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપ સહિતના આંતરરાષ્ટ્રીય રોકાણકારો દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. કંપની હાલમાં ગુજરાતના વાડીનારમાં વાર્ષિક ૨૦ મિલિયન મે. ટનની ક્ષમતા સાથે ભારતની બીજી સૌથી મોટી સિંગલ–સાઈટ રિફાઈનરીની માલિકી અને સંચાલન કરે છે. રિફાઈનરી એ વિશ્વની સૌથી આધુનિક અને જટિલ રિફાઈનરીઓમાંની એક છે જેની જટિલતા ૧૧.૮ છે, જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. પેટ્રોકેમિકલ્સમાં વિવિધતા લાવવાની તેના વિસ્તરણની યોજનાના ભાગરૂપે કંપની પ્રથમ તબકકામાં ૪૫૦,૦૦૦ ટન પ્રતિ વાર્ષિકનું પ્રોલિપ્રોપીલિન એકમ સ્થાપવાની દિશામાં કાર્ય કરી રહી છે. નયારા એનર્જી વિશેની વધુ માહિતી www.nayaraenergy.com ઉપર ઉપલબ્ધ છે.

મિડીયા સંપર્કઃ પ્રફુલ્લ ટંકારિયા, 7574817106, prafull.tankaria@nayaraenergy.com

**ફોટોલાઈનઃ** નયારા એનર્જીએ વડાલિયા સિંહણ ગામમાં હવામાન મથકની સ્થાપના કરી છે જેનાથી આ વિસ્તારના ૪૫૦થી વધુ ખેડૂતોને આબોહવા સહિતની જાણકારી પ્રાપ્ય બનશે.